# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/250 Dt. 13/12/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ટ્રેઇનર્સ મીટ યોજાઈ

## ચેમ્બરની સભ્ય કંપનીઓને જરૂરિયાત મુજબ કોર્પોરેટ ટ્રેઇનર્સ મળી રહે એ માટે ટ્રેઇનર્સની ડિરેક્ટરી બહાર પડાશે

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સોમવાર, તા. ૮ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે, સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે ટ્રેઇનર્સ મીટ યોજાઈ હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે, લોકોને તાલીમ–ટ્રેઇનીગનું મહત્વ સમજાવવાની જરૂર છે. સોફ્ટ સ્કિલના કાર્યક્રમો વિશે વધુ જાગૃતિની જરૂર છે, આપણે આપણા પ્રયાસો જારી રાખીએ. તેમણે ટ્રેઇનર્સની ડિરેક્ટરી બનાવવા, સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરમાં સહભાગીઓની સંખ્યા વધારવા પર ભાર મૂક્યો હતો. ટ્રેઇનર્સ મીટનો હેતુ ચેમ્બર સાથે જોડાયેલી કંપનીઓમાં તાલીમ કાર્યક્રમો દ્વારા ઉત્પાદકતા અને કાર્યક્ષમતા વધારવાનો છે.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ કહ્યું કે, ઉદ્યોગ જગત માટે ટ્રેઇનિંગનું મજબૂત માળખું આપણે ઊભું કરીએ.

ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ કહ્યું કે, ટ્રેઇનિંગ અનિવાર્ય છે, યુથને ટ્રેઇનિંગ આપવી જ રહી.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી મૃણાલ શુકલએ કાર્યક્રમ વિશે અને તેના હેતુ વિશે માહિતી આપી હતી અને કહ્યું કે વ્યક્તિની માનસિકતા જ્યાં સુધી વિકાસની રહેશે ત્યાં સુધી તાલીમની જરૂર રહેવાની જ છે.

ત્યારબાદ મનોમંથન અને ચર્ચા સત્રનું સંચાલન ચેમ્બરની સ્કિલ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન શ્રી ચિરાગ દેસાઈએ કર્યું હતું. તેમાં ટ્રેઇનર્સ સમક્ષના પડકારો અને તકો, ઓનલાઈન ઉપલબ્ધતાથી ઊભી થયેલી સ્પર્ધા, સંગઠનની જરૂરિયાત, સહયોગ જેવા મુદ્દાઓ પર વિગતે છણાવટ કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે, આવનારા સમયમાં ઉદ્યોગોને મોટા પ્રમાણમાં ટ્રેઇનર્સની જરૂર પડવાની છે.

ચેમ્બરના એજ્યુકેશન એન્ડ સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરના ચેરમેન શ્રી મહેશ પમનાણીએ આ સેન્ટરની પ્રવૃત્તિઓ અને ભવિષ્યની યોજનાઓનો સંક્ષિપ્ત પરિચય કરાવ્યો હતો.

આ સત્રમાં ટોચના ટ્રેઇનર્સ ઉપસ્થિત રહ્યા હતા અને ચેમ્બર ઓફ કોમર્સ થકી ઉદ્યોગોને કેવી રીતે સેવા આપી શકાય એ માટે ઉપયોગી સૂચનો કર્યા હતા.

ચેમ્બરના ગૃપ ચેરમેન ડો. વિજય રાદડીયાએ પ્રાસંગિક સંબોધન કર્યું હતું. ચેમ્બરની સ્કિલ ડેવલપમેન્ટ કમિટીના કો–ચેરપર્સન સુશ્રી નીશા તલાટી આનંદે આભારવિધિ કરી હતી.